**–:: આંક–૧ હેઠળ હુકમ ::–**

ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધી. હાલની ફરીયાદ સને–૨૦૨૧ ના વર્ષમાં દાખલ કરેલ છે, ત્યારબાદ આ કામે આરોપી સામે ધી.નેગો.ઈન્સ્ટુ.એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાનું પ્રોસેસ કાઢવા હુકમ કરવામાં આવેલ છે.

વધુમા રેકર્ડ પરની હકીકતો ઘ્યાને લેતા, હાલના કામે ફરીયાદપક્ષ ઘ્વારા ઘણા લાંબા સમયથી કેસની કાર્યવાહી આગળ ચલાવવા કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી. વધુમા આ કામે અત્રેની અદાલત ઘ્વારા ફરીયાદી ને સમન્સ/નોટીસની બજવણી કરી આગળની જરૂરી કાર્યવાહી કરવા જણાવેલ હોવા છતા,આ કામના ફરીયાદી ઘણા લાંબા સમયથી આ કામે હાજર રહેલ નથી કે ફરીયાદપક્ષે આગળની કોઈ કાર્યવાહી કરવા કોઈ પ્રયત્ન કરવામાં આવેલ નથી. અત્રેની અદાલતમાં રહેલ કામગીરીનું ભારણ ઘ્યાને લેતા,આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાના કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે.

ભવાની ટેક્ષટાઈલ મીલ્સ વિરૂઘ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦ ના ચુકાદામાં નામ. ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે.

આ કામે પણ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરીયાદ દાખલ કર્યા બાદ આરોપીને પ્રોસેસની બજવણી સબંધે તેમજ ફરીયાદીની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવા સબંધે કોઈ જ નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી કે જેના કારણે ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવીને તેનો ન્યાયીક નિર્ણય અદાલત કરી શકે તેમ નથી. તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

**:: <u>આખરી હુકમ</u> ::**

ફરીયાદીની ફરીયાદ ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ અન્વયે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૨૯/૩/૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તા. ૨૯–૦૩–૨૦૨૫.
અમદાવાદ શહેર.

**(દિપક હસમુખભાઈ ખંભાતી)**
અધિક ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ શહેર.
કોડ : જીજે–૦૦૮૬૬